# 59

## કચ્છ જિલ્લામાં સ્થાનિકોને રોજગારી

*15/4/1365 **શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અદાણી ગૃપની કંપનીઓમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી પુરી પાડવામાં આવે છે કે કેમ તે અંગે છેલ્લા બે વર્ષમાં ક્યારે તપાસ કરવામાં આવી, | (૧) | વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ ના ઠરાવમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી પૂરી પાડવા અંગે તપાસ કરવાની જોગવાઈ નથી. ફક્ત દર છ માસે (જૂન અંતિત અને ડીસેમ્બર અંતિત) સ્થાનિક રોજગારીની માહિતી એકત્ર કરવામાં આવે છે. |
| (૨) | ઉક્ત તપાસ દરમ્યાન અદાણી ગૃપની કઈ કંપનીઓમાં સ્થાનિકોને ૮૫ ટકા મુજબ રોજગારી પુરી પાડવામાં આવતી નથી, અને | (૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અદાણી પાવર લી., મુ. ટુંડા, તા.મુન્દ્રામાં સ્થાનિકોની નિયત ટકાવારી જળવાતી નથી. |
| (૩) | તે પૈકી ઉક્ત કઈ કંપની સામે શા પગલાં લેવામાં આવ્યા? | (૩) | અદાણી પાવર લી.ટુંડા તા.મુન્દ્રામાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી જળવાતી ના હોઈ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>• સબંધિત એકમને શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧/૦૩/૧૯૯૫ ના ઠરાવ અનુસાર સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અંગેની જોગવાઈઓનું ધ્યાન દોરતા પત્રો પાઠવેલ છે.<br>• ઠરાવનો ભંગ કરતા એકમો સાથે નાયબ નિયામક(રોજગાર), રાજકોટ દ્વારા બેઠક યોજી ઠરાવની જોગવાઈનું પાલન વધુ સુચારૂ રીતે થઈ શકે તે માટે તેઓને ઉંડાણપુર્વક સમજ આપવામાં આવેલ છે.<br>• સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી જીલ્લા કક્ષાએથી રોજગાર કચેરી દ્વારા સબંધિત જીલ્લા ઉધોગ કેન્દ્ર તથા રાજય વેરા કચેરીને જરૂરી કાર્યવાહી સારૂ મોકલવામાં આવેલ છે .<br>• રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,ગાંધીનગર દ્વારા છેલ્લા બે વર્ષમાં (વર્ષ–૨૦૨૨ અને વર્ષ–૨૦૨૩) રાજ્યમાં સ્થાનિક રોજગારીની નિયત ટકાવારી ન જાળવતા એકમોની જુન–૨૦૨૨ અંતિતની યાદી વડી કચેરીના તા.૦૨/૧૧/૨૦૨૨ ના પત્રથી, ડીસેમ્બર–૨૦૨૨ અંતિતની યાદી તા.૨૪/૦૨/૨૦૨૩ ના પત્રથી, જુન–૨૦૨૩ અંતિતની યાદી તા.૨૮/૦૮/૨૦૨૩ ના પત્રથી અને ડીસેમ્બર–૨૦૨૩ અંતિતની યાદી તા.૩૦/૦૧/૨૦૨૪ ના પત્રથી યાદીમાં સમાવિષ્ટ એકમો સામે જરૂરી કાર્યવાહી સારૂ ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે. |

- સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે રોજગાર ભરતીમેળા (જોબફેર)નું આયોજન કરી સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

---------------------